# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ

P G V C L

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમીટેડ

પાવર હાઉસ કમ્પાઉન્ડલ જી કે જનરલ હોસ્પિટલલ સામેલભુજ

ફોન: ૦૨૮૩૨-૨૪૩૫૫૦ ફેક્ક્ષ:૦૨૮૩૨-૨૫૦૦૪૮

E-Mail- forumbhuj.pgvcl@gebmail.com


નં:કેસી/સીજીઆરએફ/૨૦૨૨/175 તારીખ: 30.11.૨૨

રજી. એ. ડી. દ્વારા

પ્રતિશ્રી,

નારાયણ કન્સ્ટ્ક્શન પ્રાઇવેટ લીમીટેડ

સર્વે નંબર ૧૫૮/પૈકી ૨ પૈકી ૧

ગામ સુખપર તાલુકો ભુજ

મોબાઇલ નંબર:- ૯૯૭૯૬૨૩૧૪૪

**વિષય :-કેસ નંબર પીજી ૦૩/૦૦૧/૨૦૨૨-૨૩**

**સંદર્ભ :- આપની અરજીનોંધણી નં. પીજી ૦૩/૦૦૧/૨૦૨૨-૨૩**

મહાશય શ્રી,

આપના દ્વારા ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે. જે આપની જાણ સારૂં.

કન્વીનર

ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભૂજ.

બિડાણ-ઉપર મુજબ

(૧) કાર્યપાલક ઇજનેરશ્રી,પીજીવીસીએલ,વિભાગીય કચેરી, ભુજ

(૨) નાયબ ઇજનેરશ્રી,પીજીવીસીએલ,પેટા-વિભાગીય કચેરી, ભુજ રુરલ

........ ચુકાદાની નકલ સામેલ છે.ગુજરાત વિધુત નિયંત્રણ આયોગ(ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો-૨૦૧૧ જાહેરનામા ક્રમાંક ૨/૨૦૧૧ ની વિનિયમ નં ૨.૫૦ ફોરમે પસાર કરેલ આદેશ પરવાનેદાર અને ફરીયાદીને બંધનકર્તા રહેશે.તેમજ વિનિયમ નં ૨.૫૧ અનુંસાર સદર આદેશનું પાલન આદેશ મળ્યાના ૨૧ દિવસ ની અંદર કરવાનું રહેશે. જે અંગે વિનિયમ નં ૨.૫૨ અનુંસાર ફોરમ અને ફરીયાદીને પાલનની તારીખથી ૭(સાત) દિવસ અંદર ફોરમના આદેશ અંગે પાલન અહેવાલ રજુ કરવો. ફોરમના આદેશનું પાલન ન કરવાની બાબતે વિનિયમોના ભંગ ગણવામાં આવશે અને યોગ્ય ઉપાયાત્મક પગલાં માટે જવાબદાર બનશે જેની નોંધ લેશો.

ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, ભુજ
પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી.
પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી.કે.જનરલ હોસ્પિટલ સામે, ભુજ
ફોન નંબર ૦૨૮૩૨-૨૪૩૫૫૦ ફેક્ક્ષ ૦૨૮૩૨-૨૫૦૦૪૮
Email- forumbhuj.pgvcl@gebmail.com

નં.કેસી/સીજીઆરએફ/૨૦૨૨

તા. / /૨૦૨૨

૨૦૦૩ નાં ભારતીય વિજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિધ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૯ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી. ભુજના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG-03-001-2022-23

**નારાયણ કન્સ્ટ્રકશન પ્રાઈવેટ લી.ના પ્રતિનિધિ**
મિલન એન.જોશી
રે.સર્વે નં.૧૫૮/ પૈકી ૨ પૈકી ૧
ગામ:- સુખપર , તા:- ભુજ, જી :-કચ્છ..............અરજદાર.

**વિરુધ્ધ**

**કાર્યપાલક ઇજનેરશ્રી,**
પીજીવીસીએલ વિભાગીય કચેરી, ભુજ -કચ્છ ...........**સામાવાળા.**

**બાબત**:- નવા કનેકશન આપવામાં વિલંબ અંગે...

**અરજદાર તરફે** :- શ્રી મિલન એન. જોશી
**સામેવાળાના તરફે** :- શ્રી એચ.યુ.ગોસાઇ.(કાર્યપાલક ઇજનેર)
પીજીવીસીએલ વિભાગીય કચેરી, ભુજ.

કોરમ: (૧) **શ્રી બી.પી.બૂચ - ચેરપર્સન**
(૨) **શ્રી આર.જી.કુંપાવત – સ્વતંત્ર મેમ્બર**
(૩) **શ્રી પી.સી.કાલરીયા – મેમ્બર ટેક**

**સુનાવણી સ્થળ**:- કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ વર્તુળ કચેરી, ભુજ
તા.: ૦૧/૧૧/૨૦૨૨

## ઠરાવ

(૧) અરજદારશ્રી નારાયણ કન્સ્ટ્રકશન પ્રા.લીમીટેડ ,ગામ – સુખપર જણાવે છે કે તેઓએ ગામ – સુખપર ના સર્વે નં.૧૫૮/પૈ૨/પૈ૧ મધ્યે ૧૦૦ કિલોવોટ નું નવું એલ.ટી .વીજ કનેકશન મેળવવા પીજીવીસીએલની ભુજ ગ્રામ્ય પેટા વિભાગીય કચેરીએ તા.૨૬/૦૪/૨૦૨૨ના અરજી કરેલ.

અરજદાર શ્રીના જણાવ્યા મુજબ ભુજ ગ્રામ્ય પેટા વિભાગીય કચેરીએથી રૂ.૪,૩૬,૬૦૮-/નું ભાવપત્રક પત્ર નં.૨૬૨૧ તા.૧૨/૦૫/૨૦૨૨ આપવામાં આવેલ ,જે તેઓ દ્વારા તા.૨૬/૦૫/૨૦૨૨ના ભરપાઇ કરી આપવામાં આવેલ છે.

ભુજ ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી દ્વારા સદર સ્થળે બે માસ થી પોલ ઉભા કરી આપેલ છે,પરંતુ ચાર માસથી સદર કચેરીએ વારંવાર ફોનથી રૂબરૂ રજૂઆત કરવા છતાં કોઈ પ્રકારની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ નથી.

આમ,અરજદારશ્રીએ તેઓશ્રી ની માંગણી મુજબનું નવું વીજ કનેક્શન પીજીવીસીએલ કચેરી દ્વારા આપવા માટે ગ્રાહક ફરિયાદ નિવારણ સમક્ષ ન્યાય કરવા રજૂઆત કરેલ છે.

(૨) પીજીવીસીએલ તરફથી સદરહુ કનેક્શન માટેના જરૂરી ભાવપત્રક તા.૨૬-૦૫-૨૦૨૨ના રોજ ભરપાઈ થયા બાદ લાઇન કામ કરવા માટેની કામગીરી કોન્ટ્રાકટરને સોંપવામાં આવેલ પરંતુ સદરહુ કનેકશનમાં જોઇતા જરૂરી માલસામાન જેવા કે ટ્રાન્સફોર્મર, પીન ઇન્સ્યુલેટર અછતને કારણે લાઇન કામ પૂર્ણ કરવાની કામગીરીમાં વિલંબ થયેલ અને સદરહુ બાબતમાં કોન્ટ્રાકટરને પણ જરૂરી માલસામાન ન મળતા લાઈન કામ પૂર્ણ કરવામાં વિલંબ થવા પામેલ. અંતે જરૂરી માલસામાન કંપની દ્વારા પૂરો પાડવામાં આવતા સદરહુ કનેકશન તા. ૩૦/૦૯/૨૦૨૨ નાં રીલીઝ કરી આપવામાં આવેલ છે.

(3) બન્ને પક્ષકારોની લેખિત અને મૌખિક રજૂઆત જોતાં અત્રેનું ફોરમ એવા નિર્ણય પર આવે છે કે સદરહુ કનેકશન આપવામાં પીજીવીસીએલ તરફથી વિલંબ થયેલ છે અને પીજીવીસીએલ તરફથી મટીરીયલ્સ મેનેજમેન્ટ વ્યવસ્થિત ન થયું હોય એવું ફલિત થયેલ છે. આમ છતાં સદરહુ કનેકશન તા. ૩૦/૦૯/૨૦૨૨નાં રીલીઝ કરવામાં આવેલ છે. આમ અરજદારની ફરિયાદનું નિરાકરણ કરવામાં આવેલ છે. અને ભવિષ્યમાં આ પ્રકારના કેસોમાં ઉપરોક્ત બાબત જેવું પુનરાવર્તન ન થાય તેવી પીજીવીસીએલનાં સંબધિત અધિકારીઓને તાકીદ કરવામાં આવે છે.

-: હુકમ:-

અરજદારની અરજી નો નિકાલ કરવામાં આવે છે.
ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.
આ હુકમ આજ તા. ૦૧/૧૧/૨૦૨૨ ના રોજ જાહેર કર્યો.

| | | |
|---|---|---|
| (આર.જી.કુંપાવત) | (પી.સી.કાલરીયા) | (બી.પી.બૂચ) |
| સ્વતંત્ર મેમ્બર | મેમ્બર ટેક | ચેરપર્સન |

## ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ-કચ્છ.

**નોંધ:**

(૧) અરજદાર આ હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિવસ- ૩૦ માં વિધ્યુત લોકપાલમાં રજુઆત કરી શકે છે. આ સાથે વિધ્યુત લોકપાલમાં રજુઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો- ૨૦૧૧ જાહેરનામાં નં.૦૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તોજ રજુઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરીયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમનામાં સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમાં કરાવી હોય અને કરેલ ચુકવણી સાબીતી રજુ કરી હોય તોજ તેવી રજુઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલનું સરનામું : વિધ્યુત લોકપાલની કચેરી , જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, કનક રોડ, ત્રિકોણ બાગ રાજકોટ ૩૬૦૦૦૧